# કિન્ટેક રીન્યુએબલ્સ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ સંખ્યા : L40105GJ1985PLC013254

રજિસ્ટર્ડ ઓફિસઃ કિન્ટેક હાઉસ-૮, શિવાલિક પ્લાઝા, એ.એમ.એ. સેન્ટર ની સામે, આઈ.આઈ.એમ. રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫,
ટેલિ:(૦૭૯)૨૬૩૦૩૦૬૪ વેબસાઈટ:www.kintechrenewables.com; ઈ-મેલ:cs@kintechrenewables.com,

## ૩૩મી વાર્ષિક સામાન્ય સભા બુક બંધ અને ઈ-વોટિંગ અંગેની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે કિન્ટેક રીન્યુએબલ્સ લિમિટેડ (કંપની)ના સભ્યોની ૩૩મી વાર્ષિક સામાન્ય સભા (AGM) ૧૮મી સપ્ટેમ્બર,૨૦૧૮ને મંગળવાર ના રોજ સવારે ૧૧:૦૦ વાગે કિન્ટેક હાઉસ,૮,શિવાલિક પ્લાઝા, એ.એમ.એ. ની સામે, આઈ.આઈ.એમ. રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ ખાતે વાર્ષિક સામાન્ય સભા ની જાણ કરતી નોટિસ માં જણાવેલ કામકાજો અંતર્ગત રાખવામાં આવેલ છે.કંપની ડિપોઝિટરી પાર્ટિસિપન્ટસમાં જેમના ઇ-મેઈલ આઇ-ડી નોંધાયેલા છે તેવા સભ્યો ને ૩૩મી AGMની નોટિસ અને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ નો વાર્ષિક અહેવાલ ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવેલ છે અને બાકીના સભ્યોને તે તેમના નોંધાયેલા સરનામે મોકલવામાં આવેલ છે.જે સભ્યોને વાર્ષિક અહેવાલ તથા AGM ની નોટિસ ની નકલ જોઈતી હોય તો તેઓ કંપની ને વિનંતી કરી વિનામૂલ્યે મેળવી શકે છે અને તે કંપની ની વેબસાઈટ www.kintechrenewables.com ઉપર ઉપલબ્ધ છે. વિશેષમાં નોટિસ આપવામાં આવે છે કે કંપની ધારા, ૨૦૧૩ ની કલમ ૯૧ તથા કંપની (સંચાલન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૧૦ તેમજ સેબી (એલ.ઓ.ડી.આર)નિયમો, ૨૦૧૫ ના નિયમ ૪૨ અન્વયે કંપનીના સભ્યોના રજીસ્ટર તથા શેર ટ્રાન્સફર બુક વાર્ષિક સામાન્ય સભા માટે અને તા ૩૧મી માર્ચ,૨૦૧૮ રોજ પુરા થયેલા નાણાકીય વર્ષ માટેનું ડિવિડન્ડ (આગામી AGMમાં મંજુર થાય તો) મેળવવાના સભ્યોના હક્ક નક્કી કરવા મંગળવાર તા ૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૮ થી મંગળવાર તા ૧૮મી સપ્ટેમ્બર ૨૦૧૮ સુધી (બંને દિવસો સહિત) ૩૩મી AGMના કામકાજ અંતર્ગત બંધ રહેશે. કંપની ધારા ૨૦૧૩ ની કલમ ૧૦૮ તથા કંપની (સંચાલન અને વહીવટ) નિયમો,૨૦૧૪ ના નિયમ ૨૦ તેમજ સેબી (એલ.ઓ.ડી.આર) નિયમો, ૨૦૧૫ના નિયમ ૪૪ અન્વયે કંપની તેના સભ્યોને નોટિસમાં જણાવેલા ઠરાવો ઉપર મત આપવા માટે 'રિમોટ ઈ-વોટિંગ' (એટલે કે AGMના સ્થળ સિવાયના અન્ય સ્થળે ઈ-વોટિંગ)ની સુવિધા આપે છે. કંપની ધારા,૨૦૧૩ અને તેના અંતર્ગત બનાવેલા નિયમોની જોગવાઈ અનુસાર વિગતો નીચે જણાવેલ છે.

| | | |
|---|---|---|
| 1. | AGMની નોટિસ મોકલવાની કામગીરી પૂર્ણ કર્યાની તારીખ | ગુરૂવાર, ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૮ |
| 2. | રિમોટ ઈ-વોટિંગના પ્રારંભની તારીખ અને સમય | શુક્રવાર ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૮ સવારે ૯:૦૦ વાગે |
| 3. | રિમોટ ઈ-વોટિંગના સમાપનની તારીખ અને સમય | સોમવાર ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૮ સાંજે ૫:૦૦ વાગે |
| 4. | રિમોટ ઈ-વોટિંગનો હક્ક નક્કી કરવા માટે ની કટ-ઓફ તારીખ | મંગળવાર ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૮ |
| 5. | કંપની દ્વારા AGMની નોટિસ મોકલાયા બાદ જે વ્યક્તિઓએ શેર હસ્તગત કર્યા હોય અને કંપની ના સભ્યો બન્યા હોય તેમજ કટ-ઑફ તારીખ સુધીમાં ડિપોઝિટરીસ દ્વારા જાળવવામાં આવતા સ્ટેટમેન્ટ ઓફ બેનિફિશિયલ ઓનર્સ/કંપનીના સભ્યોના રજીસ્ટરમાં નામે ધરાવતા હોય તેવી વ્યક્તિ AGMની નોટિસમાં દર્શાવેલી પ્રક્રિયા પ્રમાણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમનો મતાધિકારનો ઉપયોગ કરી શકશે અને તે રૂબરૂમાં અથવા પ્રોક્સીની નિમણૂક કરી મિટિંગ માં હાજરી આપી શકે છે. | |
| 6. | રિમોટ ઈ-વોટિંગ કરી શકશે નહીં | સોમવાર, ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૮ સાંજે ૫:૦૦ વાગ્યા પછી |
| 7. | AGM ના સ્થળે ઠરાવો પર નિર્ણાયક મત આપવાની કાર્યવાહી | AGMના સ્થળે "બેલેટ પેપર" દ્વારા મત આપવાની સુવિધા ઉપલબ્ધ હશે.AGM ના સ્થળે ઈ-વોટિંગની સુવિધા ઉપલબ્ધ થશે નહી,જે સભ્યોએ AGM પહેલા અગાઉથી રિમોટ ઇ-વોટિંગ દ્વારા તેમનો મત આપી દીધો હશે તો તેઓ AGMમાં ઉપસ્થિત રહી શકશે પરંતુ AGMમાં ફરી મત આપવા માટે હકદાર રહેશે નહી.સભ્યો,રિમોટ ઇ-વોટિંગ દ્વારા અથવા તો વાર્ષિક સામાન્ય સભા માં હાજર રહીને કોઇ પણ એક રીતે મત આપી શકશે. જો કોઇ સભ્ય બંને પદ્ધતિથી મત આપશે તો રિમોટ ઇ-વોટિંગ દ્વારા આપેલો મત પ્રવર્તિત ગણાશે. |
| 8. | ૩૩ મી AGM ની નોટિસ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. | www.evotingindia.com અને www.kintechrenewables.com |
| 9. | રિમોટ ઈ-વોટિંગ સાથે સંકળાયેલ ફરિયાદોને ઉકેલવા માટે જવાબદાર વ્યક્તિની સંપર્કની વિગતો | સત્તાવાર નામ- શ્રી રાકેશ દલવી, હોદ્દો - મેનેજર<br>સરનામું - ૨૫મો માળ, એ વિંગ,મેરેથોન ફ્યુચરેક્સ,મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ, એન.એમ.જોશી માર્ગ, લોઅર પરેલ, (ઈ), મુંબઈ - ૪૦૦૦૧૩<br>ઇ-મેઈલ આઇ.ડી : helpdesk.evoting@cdslindia.com<br>ફોન નંબર- ૧૮૦૦૨૨૫૫૩૩ |

બોર્ડના આદેશ દ્વારા
કિન્ટેક રીન્યુએબલ્સ લિમિટેડ વતી

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૮

હર્ષલ ગાંધી
કંપની સેક્રેટરી